"Driving Salamat To Jivan Salamat"

અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(M) 99250 25148

Exec. President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૨૨-૨૩/૧૭ તા.૦૭-૦૭-૨૦૨૨

**ખાસ જરૂરી**

પ્રતિશ્રી,
**માન.શ્રી હર્ષભાઈ આર. સંઘવી**
માન.રાજયકક્ષાના મંત્રીશ્રી ગૃહ અને પોલીસ હાઉસીંગ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**વિષય :- નેશનલ હાઈવે ૪૮ (એન.એચ.૮) ઉપર ફસ્ટ લેનમાં ચાલતાં કે ઓવરટેક કરતા કોમર્શીયલ વાહનોની રોક ઉપર બહાર પાડવામાં આવેલા જાહેરનામાં બાબત**

માનનીયશ્રી,

સવિનય જણાવવાનું કે ઉપરોક્ત બાબતે ૨૦૨૦માં સુરતથી વાપી સુધીના રસ્તા ઉપર કડક નિયમન જાહેર થયેલ અને તે બાબતે અમારી સંસ્થાના પ્રતિનિધિઓએ સુરત રેન્જ આઈજીની કચેરીમાં ત્રણેક વખત મીટીંગમાં હાજરી આપેલ અને તે અંગે હાઈવે ચાલકોમાં શિષ્ત બાબતે સુરતથી વાપી સુધી જે-તે પોલીસવડાઓની હાજરીમાં મીટીંગ કરેલ તેમજ તે વિસ્તારમાં આવેલ એસોસીએશનોમાં જાણકારી આપેલ અને તે બાબતનું સંકલન કરી હિન્દી તેમજ ગુજરાતી ભાષામાં સ્ટીકરો છપાવી હાઈવે ઉપર વિતરણ કેમ્પ કરેલ.

હમણાં થોડા વખત ઉપર ભરૂચ ટ્રાફિક વિભાગ દ્વારા આ બાબતના નિયમોની નોટીસ પત્રિકા દ્વારા આપવામાં આવેલ અને સાથે સાથે જણાવેલ કે પકડાયેલા વાહનોની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. જેમાં રૂ.૫૦૦૦/- સુધીનો દંડ અને કોર્ટમાંથી જામીન લઈ ડ્રાઈવર તેમજ ગાડીના છુટકારાની વિગતો જણાવેલ.

ઉપરોક્ત વિષયે આપશ્રીનું અમારે ખાસ ધ્યાન દોરવાનું કે શહેરી વિસ્તારમાં કે હાઈવે ઉપર ટ્રાફિકના કોઈપણ ગુના અર્થે રૂ.૫૦૦૦/-નો દંડ તેમજ માલ ભરેલી ગાડીઓનું તેમજ ડ્રાઈવરનું કોર્ટમાંથી જામીન લઈ છુટવાની વ્યવસ્થા વધારે પડતી કઠીન અને ઉગ્ર છે. આવા સંજોગોમાં ભારે દંડને હિસાબે તેમજ ગાડીઓ તેમજ ડ્રાઈવરને છોડાવવા બાબતે વકીલ તેમજ જામીન અર્થે ઘણી ગેરરીતીનો શિકાર થવું પડે છે.

ઉપરોક્ત જણાવેલ ગુનાઓમાં માત્ર ને માત્ર માલવાહક વાહનોને જ પકડવામાં આવે છે અને આજની બજારમાં પ્રર્વતતી મંદીમાં માલ સાથે ગાડીના ૨-૩ દિવસ બગડે છે અને ખર્ચ તેમજ દંડની ભારે રકમ ભોગવવા અત્યારનો ગાડીમાલીક સમર્થ નથી.

જો કે રાજયમાં ટ્રાફિક અને તેના નિયમો અંગે અમારી સંસ્થા ખુબ જ સજાગ છે અને તે અંગે દરેક વિભાગો સાથે કદમ મીલાવી કાયદો અને વ્યવસ્થાના અમલીકરણ અંગે કટીબધ્ધ છે પણ આવા આકરા પગલાં માત્રને માત્ર ટ્રાનસપોર્ટ વાહનો માટે આવકાર્ય નથી અને તે અંગે અમારી આપને નમ્ર વિનંતી છે કે જો કોઈ આવો ગુનો બને તો ટ્રાફીકના ગુનાની જેમ માંડવાળ કરવાની વ્યવસ્થા થવી જોઈએ. આ સાથે ઉપરોક્ત બાબતે ૨૦૨૦માં સુરત રેન્જ આઈજી સાહેબ સાથેની કરેલ કાર્યવાહીના તા.૦૧-૧૦-૨૦૨૦ તેમજ તા.૧૭-૧૦-૨૦૨૦ના પત્ર આપના અભ્યાસ અર્થે સામેલ છે.

અમને આશા છે કે અમારી ઉપરોક્ત અરજને આપશ્રી યોગ્ય માર્ગદર્શન સાથે સુચારૂ વ્યવસ્થા કરી આપશોજી.

આપના સહકારની અપેક્ષા સહ

આભાર સહ,

આપના વિશ્વાસુ,

મુકેશભાઈ સી. દવે
(કાર્યકારી પ્રમુખ)

હસુભાઈ એન. ભગદેવ
(માનદમંત્રી)

સામેલ : ઉપરોક્ત મુજબ